## MSUના આર્બોરેટમ ગાર્ડન ખાતે 'આયુષ આપકે દ્વાર' અભિયાન હેઠળ ચર્ચાસત્ર યોજાયું

# ગરમાળાની સિંગોમાંથી બનાવેલી ગોળીઓ કબજિયાત દૂર કરવામાં કારગત

**સંદેશ**

એમ.એસ.યુનિવર્સિટીના આર્બોરેટમ ગાર્ડન ખાતે આયુષ આપકે દ્વાર શીર્ષક હેઠળ ચર્ચાસત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ પાદરા તાલુકાના ચાર ગામની ખેડુત પરિવારની ૭૦ મહિલાઓને વિવિધ ઔષધિય વનસ્પતિના છોડનું વિતરણ કરી તેમને આ ઔષધિઓમાંથી વેલ્યુ એડેડ પ્રોડક્ટસ્ કેવી રીતે બનાવી શકાય તે વિશે માહિતગાર કરાયા હતા.

જે વિશે બોટની વિભાગના પ્રો. ડૉ.પદ્મનાભી નાગરે કહ્યું હતું કે, આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરુપે નેશનલ મેડિસનલ પ્લાન્ટ બોર્ડે સમગ્ર ભારતવર્ષમાં ૭૫ લાખ ઔષધિય વનસ્પતિ પહોંચાડવાનું અભિયાન શરુ કર્યું છે. જે થકી તેઓ ભારતના ખેડુતો સુધી પહોંચી, તેમની પાસે ઔષધિય વનસ્પતિની ખેતી કરાવી તેમને વિવિધ કંપનીઓ સાથે જોડશે અને તેમને આર્થિક રીતે સમૃદ્ધ કરશે. અગાઉ એવું થતું હતું કે કંપનીઓ ખેડુતો સાથે કાર્યક્રમો કરતી હતી. પરંતુ તેમને મદદ કરવાની વેળાએ હાથ ઝાટકી લેતી હતી. પરંતુ નેશનલ મેડિશનલ પ્લાન્ટ બોર્ડ ખેડુતોની વહારે આવી છે. તેઓ વિવિધ કંપનીઓ સાથે ખેડુતોને જોડશે અને તેમના માટે રોજગારીના નવાં વિકલ્પો ઉભાં કરશે. આ સમગ્ર કાર્યક્રમ ફેકલ્ટી ડીન ડૉ.હરિભાઈ કટારિયાના માર્ગદર્શન હેઠળ યોજાયું હતું.

**ખેડૂત પરિવારની બહેનોને ઔષધિય દવાઓની માહિતી આપી**

જે અંતર્ગત આજે ગુજરાત ઈકોલોજીકલ સોસાયટીના ડૉ.દીપા ગવળીના સહયોગથી પાદરા તાલુકાના મોભા, મુવાલ, પિંડાપા, સાનપુર ગામની મહિલાઓને એકત્રિત કરી હતી. જેમાં તેમને ગિલોય, બ્રાહ્મી, લિંડીપીપળ, નગોળ, ગરમાળો, રસના સહિતના વિવિધ ઔષધિય છોડ આપી તેમના ઉપયોગ અને તેમાંથી કેવાં પ્રકારના વેલ્યુ એડેડ પ્રોડક્ટ્સ બનાવવાની માહિતિ આપી હતી.

તે સિવાય આર્બોરેટમ ગાર્ડનમાં ૪૦ વર્ષ ગાર્ડનર તરીકે ફરજ બજાવનાર નટવરલાલ રાવલને તેમના સેવાકાર્ય બદલ સન્માનિત કરાયાં હતા.




MSUના સાયન્સ વિભાગ દ્વારા યોજાયેલા કાર્યક્રમમા અનેકને છોડનુ વિતરણ કરાયુ હતું.

## ખેડૂતોને ઔષધિય વનસ્પતિમાંથી વેલ્યુ એડેડ પ્રોડક્ટ્ બનાવતા શીખવાડ્યું

ડૉ.નાગરે વધુમાં કહ્યું હતું કે, અમે બહેનોને દરેક ઔષધિમાંથી વેલ્યુ એડેડ પ્રોડક્ટ્સ બનાવવાની રીતે સમજાવી હતી. જે બોટની વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા સંશોધિત કરાઈ છે. જેમાં ગરમાળાની સિંગોના પાવડરમાં ગોળ ભેળવી બનાવેલી ગોળીઓના નિયમિત સેવનથી કબજિયાતની તકલીફ દુર કરી શકાય છે તેમજ ગિલોય સત્વ, ગિલોય ઘી, ગિલોય તેલ તેમજ સમ્સણીવટી સહિત વિવિધ ઔષધિ વિશે માહિતિ આપવામાં આવી હતી.